॥ श्री उमिपापातय नमः ॥

મહારાજાધિરાજ શ્રી પાટડી દરબાર

શ્રી સુર્યમલસિંહજી વિરહ,

તથા

જીવન ચરિત્ર.

અને શ્રીદોલતસિંહજીનો રાજ્યાભિષેક

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

કવિ શીવલાલ ખુશાલભાઈ બ્રહ્મભટ.

ગોમતીપુર—અમદાવાદ.

દુહો.

પટલકું પ્રથ્વી પત કહે, પ્રથ્વી પત રાજાન;
કડુવા ફુળ અતિ ઉજળા, એટમ પામો માન. ૧

સને ૧૯૧૩. પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦.

અમદાવાદ:

ખાડીઆમાં હિતેચ્છુ પ્રેસમાં હરિપ્રસાદ પિતાંબરદાસ
મહેતાએ છાપ્યો.

મુલ્ય.

અર્પણપત્ર.

મહારાજા શ્રીદોલતસિંહજી પાટડી દર્બાર સાહેબ.

દોહરા.

દોલતસિંહ દુનિયાં વિશે, મીઠો રત મહેરાણ;
સાબાશી સારી વરી, સૂરા રાજ સુજાણ. ૧
કડવા કૂળે કેસરી, બહાદુર બુદ્ધિ વિશાળ;
ઝળકતા તારા જકતમાં, મોતી હુંદી માલ ૨
સદાચરણી સાત્વકી, વિદ્યા વિશારદ વીર;
વિદ્ધ વદન વિકાસીયું, ગુણનીધી ગંભીર. ૩
કુંવરપદેથી આપને, બક્ષ્યું બ્રિટિશે માન;
રાજકાજના કામમાં, ગણિ મોટા ગુણવાન. ૪
અવલજ મેજીસ્ટ્રેટનું, અધિક ગણિ હોંશિયાર;
વિદ્યા ભણ્યા વિધવિધની, સંતોષ્યા સરકાર. ૫
કુંવરપદેથી કેસરી, કીધી કીરતિ શ્વેત;
જેથી જનસમુદાયને, ઉપજ્યું અતિશે હેત. ૬
કડુવા પાટીદારની, મળી નગરની નાત;
મુબાર્કબાદી આપવા, સારંપર સાક્ષાત. ૭
સરકાર ને વળિ સર્વમાં, મોટાં માન અપાય;
જેથી યશસ્વિ રાજને, આ ગ્રંથ અર્પણ થાય. ૮
દીર્ઘાયુષથી ભોગવો, પાટડી કેરૂં રાજ;
દિનમણિ દોલતસિંહજી, કહે કવિ શીવરાજ. ૯

राज्याभिषेक विशे.

ગરબો.

અલબેલીરે અંબેમાત, જોવા નીત જઇએ. એ રાગ.
શ્રીદોલતસિંહજી દીનેશ, ગુણી બેઠા ગાદી;
થાઓ નામાંકીત નરેશ, મેળવો મુબારકબાદી. ટેક.
પુજય પિતા કેરૂં ખરચ કીધું, પુરણ આણી સુપ્રીતરે;
ખંત રાખી ખુબીદાર મોટું, રૂડી રજવટ રીત. ગુણી. ૧
આમંત્રણો કીધાં હરેક ઠેકાણે, નૃપ ગૃહસ્થોના જાણી નેકરે;
અમલદારો અધિકારીઓને, વડોજ ધરી વિવેક. ગુણી. ૨
સદગૃહસ્થ સારા માણેકલાલભાઇ, અનુભવી હોશિયારરે;
રાજકાજના કામમાં કાબેલ, મુત્સદી મરતબાદાર. ગુણી. ૩
કડવા કુળે ઉજળા કહાવે, રીત રવેશ જાણનારરે;
ખુબી દરશાવી જેસણે ખરમાં, દીપાવ્યો દરબાર. ગુણી. ૪
હજુર કેરા હાજો જાણીને, બ્રહ્મ ક્ષત્રી ભડ વીરરે;
ત્રીકમલાલ દીનાનાથ પધાર્યા, માજી મ્હોટા રાજ વજીર. ગુ. ૫
વગરે વડા રાજા દરબારી, સદગૃહસ્થો સરદારરે;
એજનસીના અધિકારીઓ, હોફિસરો હોશિયાર. ગુણી. ૬
દીર્ઘાયુષ રહો દોલતસિંહજી, તપો નિરંતર તાજરે;
મોટી મુબારકબાદી મેળવો, બાહોશ અક્કલબાજ. ગુણી. ૭
દોલતસિંહે દીલાવરીને, બહાદુરી કીધી બેશરે;
શિવલાલ કહે રાખો સલામત, ખલકપતી શ્રીખગેશ. ગુણી ૮

॥ ॐ श्री उमीयामाताय नमः ॥

મહારાજાધિરાજ શ્રીપાટડી દરબાર શ્રીસૂર્યમલસિંહજી વિરહ.

તથા

જીવન ચરિત્ર.

દુહા.

સૂર્યમલ સૂર્યના સમા, તપેશ્વરિ તેજદાર;
વિસાર્યા વિસરે નહીં, હજુર દીલ ઉદાર. ૧
સ્વજ્ઞાતિને સુધારવા, અનેક કર્યા ઉપાય;
જેથિ કરીને જેમને, અધીક માન અપાય. ૨

રાગ પરજ.

"જોને વિચારી તું જીવડારે, માથે મરણનો માર." એ રાગ.

સૂરા સુર્યમલસિંહજીરે, પાટડીના દરબાર;
જીવનમુકત થઈ જકતમાં, પહોચ્યા પ્રભુને દ્વાર. સૂ. ટેક.
દીલગીર જેથી દેશીઓરે, વડા રાજા વજીર;
સુજ્ઞ સાહેબો પારસી, હિંદુ ઈસ્લામ અમીર. સૂ. ૧
કડવા કુળે અતિ ઉજળારે, પાટીદારોજ સહુ;
અફસોસ હવા અતિ ઘણા, નીજ ન્યાતના સહુ. સૂ. ૨

અગ્રેસર આખી નાતનારે, કોઠ વસા કહેવાય;
સમસ્ત કડવા કોમના, માન્યકારી મનાય. સુ. ૩
ઘણુંકરી આ ગાદીએરે, દાના હુવા દરબાર;
તેમને સંભાર્યા નથી, વડો કરી વિસ્તાર. સુ. ૪
પરંતુ આ પ્રતાપીએરે, મોટું મેળવ્યું માન;
દેશ અને વિદેશમાં, ગણાયા ગુણવાન. સુ. ૫
આ તો મહા યસ્વિ ઉપજ્યારે, કીરતી કેરાજ થંભ;
સદજ્ઞાની સારા સાત્વકી; જેમના દીલમાં નહીં દંભ. સુ. ૬
ફિર રાજા આ વિકસ્યારે, ધર્મધુરંધર ધીર;
નિરાભિમાની નિર્મળા, ક્ષમાવંતાજ ક્ષીર. સુ. ૬
સરકાર ને વળી સર્વમાંરે, સારી વર્યા સાબાશ;
દેશ અને વિદેશમાં, કીધી કિર્તી પ્રકાશ. સુ. ૭
ન્યાત જાત નરેશમાંરે, માનવંતા મનાય;
જેથી કરીને જેમનો, વડો વિરદ્ધ વર્ણાય. સુ. ૮
જોરાવરસિંહ કુળે ઉપજ્યારે, સૂર્યમલસિંહ સુજાન;
રાજકાજના કામમાં, બાહોશ બુદ્ધિનીધાન. સુ. ૯
વડીલો જેવી વિશ્વમાંરે, કીધી કીરતિ શ્વેત;
જેથીજ જનસમુદાયને, ઉપજે અતિશે હેત. સુ. ૧૦
ભરત ભૂમીના ભૂપમાંરે, દીપાવ્યો દરબાર;
રાજરીતી રૂડી રચી, જણાઇ ગયા હોંશિયાર. સુ. ૧૧
મુબારકબાદી મેળવીરે, દેશ અને વિદેશ;
રાજકારકીર્દી તેમની, વખાણે નવાબ નરેશ. સુ. ૧૨

ત્રીશ વરસ ગાદી ભોગવીરે, ભવ્ય ભાગી ભૂપાળ;
રાજ ચલાવ્યું રજવટ રીતથી, એકુ આવી ન આળ. સુ.
પ્રજાહિતેચ્છુ કામો કર્યાંરે, પુરણ દાખી સુપ્રીત;
કરૂણાસિંધુ કેસરી, હવા ઉદાર આદીત. સુ. ૧૪
સદાચરણી સાત્વકીરે, વિદ્યા વિશારદ વીર;
કૃપાળુ સુકામો કર્યાં, ધર્મીષ્ટ ધીમંત ધીર. સુ. ૧૫
વડા વૈભવ વડા રાજનોરે, ઉર નહિ અહંકાર;
કેવળજ્ઞાની હતા કેસરી, દયાવંત દાતાર. સુ. ૧૬
જેની સાબાશી સૃષ્ટિમાંરે, તેને સ્વર્ગમાં સુખ;
ભાખ્યું ભાગવતને વિશે, શ્રી કૃષ્ણે સ્વમુખ. સુ. ૧૭
પ્રભાતે ઉઠી પ્રીતથીરે, આપ કરતા અસ્નાન;
પુજા કરી પ્રભુતણી, જપતા જાપો જુવાન. સુ. ૧૮
અતીથીયોને આપતારે, દયા સિંધુ બહુ દાન;
કુટુંબ કબીલો સંતોષીને, કરતા ભોજન પાન. સુ. ૧૯
માયા મુકી મન થકીરે, ભાવે ભજી ભગવાન;
સુરતા પ્રોઈ સ્વરૂપમાં, પોતે કર્યું પ્રયાણ. સુ. ૨૦
મહારાજે માયા મુકી વેગળીરે, રટતા કૃષ્ણ શ્રીરામ;
વિકારો તજી આ વિશ્વના, કરતા ઉપકારી કામ. સુ. ૨૧
વિબુધ ગણાયા વસ્તીમાંરે, સારી વર્યા સાબાશ;
પ્રીત રાખી પરીબ્રહ્મમાં, વસ્યા વૈકુંઠે વાસ. સુ. ૨૨
જીવનમુક્ત થઈ જકતમાંરે, હવા વિદેહ મુક્ત;
શ્રી રાધા વર ઇષ્ટને, કરી કૃપાળુ કૃત. સુ. ૨૩

મહારાજા મીલન સ્વભાવનારે, મોટા મર્તબાદાર;
પ્રતાપી પાટડી ભૂપતી, આત્મદર્શી ઉદાર. સુ. ૨૪
ધર્મધુરંધર ઉપજ્યારે, ધનવાન ધરમીષ્ટ;
પ્રભા પ્રકાશી પુણ્યની, નિર્મળ જેમની નીષ્ઠ. ૨૫
કરૂણાસિંધુ કેસરીરે, કે હરહરો કુળ ભાણ;
ભૂલાય નહિ ભડ ભૂપતી, વિર વડા વિદ્વાન. સુ. ૨૬
રાજનીતી રૂડી રચીરે, સુધાર્યો સ્વદેશ;
અવર તુલ્ય આવે નહિ, નૃપતાં ઢાળ નરેશ. સુ. ૨૭
નિરાભિમાની નિપજ્યારે, સદા રાખી સાદાઇ;
શેઠાઇ કરી સ્વન્યાતની, છટાદાર કીરતિ છાઇ. સુ. ૨૮
ગોળાના મરજથી તેમણેરે, મોંઘી મુકી સુદેહ;
સાગર ભર્યો સુકુમારનો, તોડી સબળ સનેહ. સુ. ૨૯
મહારાજાને માન્યથીરે, ઉંચા ઊંચા ઇલ્કાબ;
બક્ષેલા બ્રિટીશ બહાદુરે, જાણી જસ્વી જનાબ. સુ. ૩૦
આખી કડવા કોમનારે, અગ્રેસર કહેવાય;
મર્તબાવાળા મોટા મણિ, જેથી વિરહ વરણાય. સુ. ૩૧
મહાન રાજા વિર પુર્ષનીરે, ખોટ ખલકમાં ખુબ;
વિશેષે વડા રાજનાં, વડાં હુતાં વકુબ સુ. ૩૨
સમશાને સૌ આવીયુંરે, આખું પાટડીપુર;
રાજ્યભકત સૌ રૈયતે, દર્શાવી ઉદાસી ઉર. સુ. ૩૩
દીવાનજી દરબારીઓરે, દીસતા બહુ દીલગીર;
શહેર નિવાસી સૌ શેઠીઆ, દેસાઇ પારેખ અમીર. સુ.

ઉભય બાજુએ ઉભા રહ્યારે, લોકો અપરમપાર;
પાલખી નિકળી જે સમે, કરવા છેલ્લો જુહાર. સુ. ૩૫
ચંદનકેરી ચિતા હવીરે, દુધે હોલાઇ ચેહ;
ગાયો અપાઇ વડા વિપ્રને, સગળ આણી સનેહ. સુ.
દોલતસિંહ જય મેળવોરે, પ્રતાપી પિતા સમાન;
મહારાજ મોટા યસ્વી, બાહોશ બુદ્ધિનિધાન. સુ. ૩૮
સગાં સબંધી સર્વનોરે, કાપી શ્રીકૃષ્ણ કલેશ;
સુખ ઉપજાવો સર્વને, અચળ રાખો હમેશ. સુ. ૩૯
સદ્દકામો કરી આવિયારે, સુર્યમલસિંહ ભુપાળ;
સાનીધ રાખશો શ્રીહરી, શ્રીજી કૃષ્ણ કૃપાળ. સુ. ૪૦
અશાઢ વદી છઠને દીનેરે, ઓગણી અગનોતેરની સાલ;
વિક્રાળ હવી આ વિશ્વસમાં, જાતાં ભડભુપાળ. સુ. ૪૧
જોડી મળે નહિ જકિતમાંરે, શોકજનક શિવરાજ;
પ્રતાપી રાજા પરવર્યા, જાણનાર દેશની દાઝ. સુ. ૩૭

વિરહ સંતાપ.—મહાડ.

"વીરા વેશ્યાના યારી, ઉભા અટારી; પેલા તમારા પ્રાણ" એ રાગ

રૂડા રાજા દરબારી, અમીરો અધિકારી, ખબર સુણી ખેદકાર;
હવા અફસોસી ભારી, વહે દ્રગવારી, વર્ણાયતે વિસ્તાર. રૂ. ટેક.
શ્રી મહંમદજલાલુદીનખાનજી, રૂડા રાધનપુરના નવાબ;
અફસોસ હવા આલમ પ્રસિદ્ધ, જાજુર માન જનાબરે. રૂડા. ૧
પ્રસિદ્ધ મોટા પાલનપુરના, નામાંકીત નવાબ;
નારાજહુવા નૃપ નુરાની, જે ઉંચા વર્યા ઇલ્કાબરે. રૂડા. ૨

દીલગીર હુવા નૃપદ સાડાના, મર્તબાદાર મલેક;
લીંબડી દીવાન ઝવેરભાઇ, જેમને આઝો નેકરે. રૂડા. ૩
લાયક મોટા લખતર કેરા, શ્રીકરણસિંહજી દરબાર;
દીલગીર હુવા દીવાન દરબારી, ઓપ્રીસર અમલદારરે. રૂડા.
અફસોસ હુવા થરાદ કેરા, દોલતસિંહજી દરબાર;
પ્રતાપી દીવાન પરસોતમ રાયજી, મુત્સદી મહા મર્તબારરે રૂ. ૫
જનાબ સાહેબ જીવણખાનજી, બહાદુર બજાણા દરબાર;
દલગીર હુવા દાના મોટા, રાજ કાજે હોસિયાર. રૂડા. ૬
પ્રજાબંધુ પેપરકેરા, અધિપતિ ઠાકોરભાઇ;
પેપરદ્વારે પ્રતાપી ગૃહસ્થે, વડી વરી વડાઇરે. રૂડા. ૭
અફસોસ કરેછે અમદાવાદના, પ્રતાપી સૌ પાટીદાર;
કુળ દીપાન કડવા કહાવે, યસસ્વી ગૃહસ્થો ઉદારરે. રૂડા ૮
સોક જનક હુવા શેઠ સખાવતી, ત્રીકમભાઇ ગોપાળ;
વેપારી વર્ગમાં વડાજ કહાવે, દાના પરમ દયાળ. રૂઠા. ૮
જીવા પટેલનો જસ્વિ ભત્રીજો, મેનેજર મોતીલાલ રામદાસ;
કુચ્છ દરબારી પ્રેસજ કેરા, અધિકારી હુવા ઉદાસ. રૂડા. ૯
શેઠ. જીવાભાઇ કીશોર કેરા, પુરા પ્રતાપી પુત્ર;
કેશવલાલ કંટ્રાકટર મોટા, સોકાતુર હુવા સપુતરે. રૂડા. ૧૦
ભવ્ય ભાગી શેઠ. ભુધરદાસના, સખાવતી શેઠ સોમનાથ;
દલગીર હુવા દયાળુ દાના, અતિ લાંબા જેમના હાથરે. રૂ. ૧૧
ત્રીકમલાલ દીનાનાથ બ્રહ્મક્ષત્રી, દાના હુવા દીલગીર;
મોટા મર્તબા વાળા કહાવે, મસહુર માજી વજીરરે. રૂડા. ૧૨

ગોમતીપુરના પટલ કાકુજી, ગોવીંદ ધર્મદાસ;
અમરઇ કેરા મુખી દવસા, બાહોશ અક્કલ બાજરે. રૂડા. ૧૩
પટેલ ભીખાભાઈ જેરાભાઇ, ભગત મગન પરસુદાસ;
ત્રીભોવન જમનાદાસ કેરા, વિગરે વડા ઉદાસરે. રૂડા. ૧૪
અફશોસ હુવા શહેર અમદાવાદના, કડવા સૌ પાટીદાર;
નગર શેઠ કસ્તુરભાઇ મણિભાઇ, વિગરે શેઠો શાહુકારરે. ૧૫
સરદાર નાઇટ બેરોનેટ, સર ચિનુભાઇ માધવલાલ;
શોકજનક હુવા સી. આઈ. ઈ, મર્તબાદાર મરાલરે. રૂડા. ૧૬
બહાદુર બ્રિટિશ રાજ્ય તરફથી, અનેક મળ્યા ઇલકાબ;
આપ ખુદીથી ઉદાર ગૃહસ્થને, જીવો જાજુ માન જનાબરે. રૂ. ૧૭
અમદાવાદના હરેક ગૃહસ્થો, અધિક હુવા ઉદાસ;
મહારાજાંનો ઘણી મુદતથી, નગ્ન પ્રસિદ્ધ નિવાસરે. રૂડા. ૧૮
નારાજ હુવા શેઠ નવરોજી, વકીલ સી. આઇ. ઇ.
ઑનેરેબલે આલમ માંહે, *છીતીમાં કીરતિ છાઇરે.*(પૃથ્વી) રૂ.
દલગીર હુવા દીવાન બહાદુર, અંબાલાલ સાંકરલાલ;
ક્ષાત્રવટી ધન્ય ખલક માંહે, ધર્મ નીતિ પ્રતિપાલરે. રૂ. ૨૦
વીરમગામની તમામ વસ્તી, વડેરો કરે વિસાદ;
દેશાઇ વિગરે ગલાબ મોતી, જેમની મોટી મર્યાદરે. રૂડા. ૨૧
અફસોસ કરે આત્મારામજી, સજ્જુદાસના મીત્ર;
સંસ્થાઓ સાચવે સારી રીતે, પઢે જે કથા પવિત્ર. રૂડા. ૨૨
પાટડી રાજની તમામ પ્રજા, અફસોસ હુવી અપાર;
પ્રયાણ સુણી પ્રતાપી રાજનાં, બંધજ હુવાં બજારરે. રૂ. ૨૩

શોકનો સિંધુ રેલીયોરે, કલ્પાત કરે નરો નાર;
બંધ હુવી સૌ કચેરીયો, ત્રાસ હુવો તેહ વારરે. રૂડા. ૨૪
કારખાનાં કારીગર તણાં સૌ, સ્કુલો નિશાળો હુવી બંધ;
અઘાધ અફ્સોસી હુવી, સબળ રાજ કેરો સબંધરે. રૂડા. ૨૫
દાના પ્રસિદ્ધ દોલતસિંહજી, અફસોસ કરે મહારાજ;
વૃદ્ધ વડીલના વિચરવાથી, બાહોસ અક્કલ બાજરે. રૂડા. ૨૬
દલગીર હુવા દીવાનજી બહુ, મીસ્તર માણેકલાલ;
અફસોસ હુવા અધિકારીઓ, દાના દરબારી દયાલરે. રૂડા. ૨૭
મહારાજાના મહા શોકથી, માનવંતા મુત્સદ્દી ધીર;
શોકજનક હુવા શીવાભાઇ સુત, ગુણિયલ ગૃહસ્થ ગંભીરરે;
શોક જનક હુવા સ્વરાજના, સ્વારો અને સીપાઇ.
વિસેસે કરી વડા રાજમાં, ગજબ ગમી છાઇરે; રૂડા. ૨૮
રાણીયો રૂવે રંગ મહેલમાં, રૂવે દાસીયો દાસ.
પુજ્યપિતાશ્રીના પ્રયાણથી,ખેદજનક ખવાસો ખાસરે; રૂડા.૨૯
પુણ્યશાળીના પ્રયાણ પરવરવાથી, શોકજનક કવિ શીવલાલ.
સદ્ભાગી ગયા સુરજમલસિંહ, પ્રજાતણા પ્રતિપાલરે. ૩૦

ગુણ કથન–જીવન ચરિત્ર.

ગરબી.

"ગોકુળથી ગીરીધારીરે, મથુરાં જઇને રહ્યા". એ રાગ.

હુડતાયો હીરોરે, કડવા કોમ તણો;
જેમનો બપ બલકમાંરે, ગૃહસ્થો પડરો ઘણો. હુડ. ટેક.
રાજકાજના કામમાંરે, હુતા ઘણા અનુભવી;

૪૬૩૯

રાજદ્વારે રાજતારે, રૂડા રોફદાર રવી. હડ. ૧
સુરજમલસિંહનોરે, હજુર સુધી હાલો;
દેશ વિદેશ માંહેરે, મનાય મોટો માલો. હડ. ૨
જ્ઞાતિસુધારાકેરાંરે, કોટી કામો કર્યા;
વિસાર્યા નહિ વિસરેરે, વસુધા વિશે વિસ્તર્યા. હડ. ૩
કરવા બોર્ડીંગ કેરીરે, મદદ મોટી કીધી;
સુધારા ખાતેરે, રૂડી રકમો દીધી. હડ. ૪
શીશુને સંતોષ્યારે, સ્કોલરશીપો આપી;
ભણવા કેરી તેમનીરે, અડચણો સૌ કાપી. હડ. ૫
પરોપકારી પ્રજારે, પુરેપુરી પ્રકાશી;
નાત જાત નગરમાંરે, વિમળ કિરતિ વિકાસી. હડ. ૬
મેળવી મુબારકબાદીરે, રૂડા રાજદરબારે;
માન બક્ષ્યાં મોટાંરે, શહેનશાહ સરકારે. હડ. ૭
અધિપતીએ અધિકારે, કામો કીધાં સરકારી;
હર્ષા હજુર યુરોપીરે, રૂડા રાજ દરબારી. હડ. ૮
પ્રતાપી મહારાજેરે, અચ્છા ઉપાયો યોજી;
દુષકાર દુકાળમાંરે, રંકોની ચલવી રોજી. હડ. ૯
જેમના કામથી ઝાઝાંરે, રાજ રૈયત હવાં સંતોષી;
દલીલ સર્વેની સાંભળીરે, ખુબ ધરી ખામોશી. હડ. ૧૦
રાજ રૈયતકેરીરે, પરમ મેળવા પ્રીતી;
માન મોટું પામ્યારે, રૂડી રાખી રાજનીતી. હડ. ૧૧
સુર્યમલસિંહનેરે, સર્વ કોઈ સંભારે;

ઓછા હશે અનુભવીરે, રૂડા રાજદરબારે. હ્ડ. ૧૨
સદજ્ઞાતી સાત્વકીરે, કબુદ્ધિ ન કરી કશી;
અનેક ગુણો આવીનેરે, વિરરાજમાં રહ્યા વસી. હ્ડ. ૧૩
રાજ વડા વૈભવનોરે, અહંકાર આણ્યો નથી;
મૃદુ સદૈવ મુખથીરે, કોમળ શુદ્ધ વાણી કથી. હ્ડ. ૧૪
દોલતસિંહ દરબારનીરે, ઘણું તપો ગાદી;
મેળવો મુલ્કે મુલ્કોમાંરે, મોટી મુબારકબાદી. હ્ડ. ૧૫

ગુણ કથન—ગરબી.

"ઉધવજી સંદેશડો, કહેજો મથુરાં મોઝાર." એ રાગ

સુરજમલ સૂર્ય સમા, તપેશરી તેજદાર;
સદ્ગુણી સાહેબ સંચર્યા, પાટડીના દરબાર સુ. ટેક
મનોહર મુખ વિકાસતું, શરદપુનમનો ચંદ;
અધુર પ્રવાલની હદમાં, હાસ્ય કરતારે મંદ. સુ. ૧
નેન સરોજ અતિ નિર્મળાં, પરમ દયાનાં પાત્ર;
કીર નાસીકા કોડામણું, ગૌર શોભતું ગાત્ર. સુ. ૨
મુબારકબાદી મેળવી, દેશ અને વિદેશ;
રાજનીતિ રૂડી રચી, અધિક કર્યો ઉજેસ. સુ. ૩
પદવી ઉંચી પામિયા, નાત નગર મોઝાર;
ચુકે ન કજીઆ તે ચુકવ્યા, અનુભવી અપરંપાર સુ.
ઉંચે સ્વરે નહિ ઉચર્યા, કુડું કથન એકાદ;
મહારાજાએ મનથી, માની મોટી મર્યાદ. સુ. ૪

દોલત ને દીકરાતણો, કદી કીધો ન ગર્વ;
સમાન દ્રષ્ટે સૌ દેખીયા, ગરીબ તવંગર સર્વ સુ. ૬
તૃષ્ણાઓ માત્રનો તેમણે, કીધો હતોરે ત્યાગ;
અંતઃકરણથી ઉરમાં, વડો આણી વૈરાગ. સુ. ૭
મૃષા વચન મુખથી, મહારાજા કો દીન;
કાઢતા નહિ નૃપ કેસરી, પરમભક્ત પ્રવિણ. સુ. ૮
મૃદુ વચનો બોલ્યા મુખથી, ઉમદાં અસરકાર;
રાજ્યકારકીરદી કરી, દીપાવ્યો દરબાર. સુ. ૯
નિરંતર કીધી નામના, રચી ધર્માદા ધામ;
અતીથી વિગરે હરેકને, વડો હોય વિરામ. સુ. ૧૦
સ્કુલો કીધી શોભતી, કીધી નૌતમ નિશાળ;
બાળકોને બોધ આપવા, વડી રચી વિશાળ. સુ. ૧૧
ઉલ્લાસી વિદ્યા હુન્નરતણા હવા ખંતીલા ખુબ;
દામો ખરચ્યા દીલથી, હવા મોટા મહેબુબ. સુ. ૧૨
જીહોસી અને ઉદારતા, જાહેર જણાવી જેહ;
ઓછાં વખાણ ઓછાં માનની, લાયક નહિ તેહ. સુ.
વધુ માન વધુ વખાણો, લાયક તેહ લખાય;
જેથી કરીને જેમને, અધિક માન અપાય. સુ. ૧૪
રાજ રૂડી રીતે ભોગવ્યું, ભવ્યભાગી ભૂપાળ;
ત્રીસ વરસ સુધી તેમણે, વડા બુદ્ધિ વિશાળ. સુ.
રાજ્યકારકીરદીના કામથી, સંતોષ પામ્યા સરકાર;
સલુકાઈ સારી સાચવી, સુરોપી હજુર મોઝાર. સુ.

સુમાન સારૂ પામીયા, દીલ્હી દરબારમાંય;
જયુબીલી હુવી જે સમે, તપેશરી નૃપ ત્યાંય. સુ. ૧૭
કદાવર હુવા કેસરી, નૃપતાં ઢાળ નરેશ;
જુઠું જીવન જાણીને, ભજતા ભગવાન હમેશ. સુ.
ઘણો વખત ગાળ્યો તેમણે, સેવા સ્મરણમાં નીત;
વિટમણા આ વિશ્વની, ખોટી જાણી ખચીત. સુ. ૨૧
બાહોશ બ્રિટિશ બહાદુરે, અધિક આપ્યો અધિકાર;
યુવરાજ દોલતસિંહને, માની મોટા હોંશિયાર. સુ.
રાજરીતીના કામમાં, કુશળ દેખી કુમાર;
ભજતા પુરણ ભાવથી, શ્રીકૃષ્ણ મોરાર. સુ. ૨૦
નિત્ય નિયમ હુતો હજુરને, પઢના ગીતાનો પાઠ;
ગોળો ચઢયો તે સમે, હતુંજ પુસ્તક હાથ. સુ. ૨૨
જીવનનું સાર્થક જકતમાં, પ્રભુ સેવા ને પુણ્ય;
કીધાં તેમણે કોડથી, નેક રાખી ન ન્યુન્ય. સુ. ૨૩
પુરૂષાર્થ વિણ પુર્ષનો, પિંડ પ્રેત સમાન;
ગાયજ જ્ઞાની મુનીઓ, વદે વેદ પુરાણ. સુ. ૨૪
સંસ્કારી હુવા સર્વથા, અતિ હુવાં દાન;
સાબાશી સારી વરી, વેગે ચઢયા વૈમાન. સુ. ૨૫
ભવ્ય ભાગી હુવા ભુમંડળે, રૂડું ભોગવ્યું રાજ;
દોલતસિંહ જેવા દીનમણી, હોંશિયાર યુવરાજ. સુ.
સાબાશી સારી વરો, પુજય પિતા સમાન;
દરબાર દોલતસિંહજી, બહાદુર બુદ્ધિનિધાન. સુ.

સદ્દગુણી સૂર્યમલસિંહજી, જેવા નામાંકીત નૃપ;
ઉપજે નહિ આલમ વિશે, રૂડા રાજ સ્વરૂપ સુ. ૨૯
શ્રવણી હવી બહુ શોભતી, રૂડી રજવટ રીત;
વસ્તુ અપાઇયો વિધવિધની, પરમ આણી સુપ્રિત. સુ.
ખર્ચ હવું ખુબી ભર્યું, ખરચાયા બહુ દામ;
જમણવાર ઝાઝો હવો, જમ્યું લોક તમામ. સુ. ૩૦
મેળાવડો મોટો મચ્યો, મુદીત હવા મેમાન;
દાના શ્રીદોલતસિંહજી, ઘણે દરજ્જે ગુણવાન. સુ.
સરભરા બહુ સારી હવી, રીઝી રૈયત રાજાન;
દોલતસિંહજી દરબારને, ઘટે મોટુંજ માન. સુ. ૩૨
દાના દીવાનજી તેમના, મશહુર માણેકલાલ;
આવેલ મેમાન હરેકની, રાખી સારી સંભાળ. સુ.
પાઘડીયો અપાઈ પ્રેમથી, વડો કીધો વિવેક;
શિવલાલ કહે શું વર્ણવું, રાખ.. નૃપે સુનેક. સુ. ૩૪

મનહરછંદ.

દાતાર દોલતસિંહ, ધર્મ નીતિ પ્રતિપાળ;
બહાદુર બુદ્ધિ વિશાળ, સૂરા સૂરવીર હે.
વૈષ્ણવપદ કેરૂં, માન રાખનાર મેરૂ;
સેવા સ્મરણ ઘણેરૂ, ધરમીષ્ટ ધીર હે.
શાંત ગુણી સદાચારી, ધવળ પદવી ધારી;
સુમાન વર્યા સરકારી, સ્વભાવે સુધીર હે.

કહે કવિ શીવરાજ, સફળ હો સર્વ કાજ;
માણેક માણેકલાલ, વિવેકી વજીર હે.

સવૈયા એકત્રીશા.

(આ કવિતા સર્વે રાગો રાગણી તથા લાવણી વગેરેમાં ગવાય છે.)

પાટડી દરબાર પ્રતાપીએં, મોદ ઘણો મનમાં લાવી;
પુજ્ય પિતાના અર્ચણુ ટણમાં દાનાઇ બહુ વિધ દર્શાવી. ટેક.
પેરપેરનાં પુણ્યો કીધાં, પુજ્ય પિતાની પછવાડે;
પાઘડીયો આપી સુપ્રીતે, સપુતે શ્રવણીને દહાડે. પાટડી. ૧
વડિલો જેમના વડાજ વિક્ષા, માનતા માને મહીં મેરી;
જગજાહેર જોરાબાપાની, પુજ્ય પ્રભૂ જેવી ડેહેરી. પાટડી. ૨
જોરાબાપા જેવા જસ્વી, સુરજમલ હવા સુભાગી;
વૈષ્ણવપદની વડે દરજ્જે, લાયક રાજને લેહ લાગી. પાટડી. ૩
મહારાજા વિર પુરૂષોની, ખોટ ખલકમાં બહુ જાણી;
જેથી કરીને જનાનકેરી, વિરહ દ્વાર વદી વાણી. પાટડી. ૪
પરંતુ પાટવીકુમારકેરી, જોઇ ઉદારતા ઝીહોશી;
ખુશ હવું મન ખલકકેરૂં, અલગ રહી જાય અફસોસી. પાટડી. ૫
દીર્ઘાયુષ રહો દોલતસિંહજી, માન મોટે દરજ્જે પામો;
પ્રતાપી પુજ્ય પિતા જેવા, જયકારી જગમાં જામો. પાટડી. ૬
અચળ રાખો મહારાજશ્રીને, આરાધું ઉમિયા દેવી;
શિવલાલ કહે શિર નામી, કડવા કુળ ઉજળે સેવી. પાટડી. ૭
દાનામહારાજ દોલતસિંહે, આ અવસરે હદ વાળી;
મુદીત હવા મેગાનો મેદની, સરભરા સારી ભાળી. પાટડી ૮

દુહો—કુંવરપદેથી કેસરી, પામ્યા મોટું માન;
અચળ રખે ઊમાપતી, શ્રીકૃષ્ણ કૃપાનિધાન. ૧

